જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૧૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૧૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૭	૦	૧૧૭૨૭	૧૭૮૩૭	૦	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૨	૦	૧૨૨	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૪૭૧	૩૫	૭૪૫૦૬	૭૫૫૭૪	૩૪	૭૫૬૦૮
કુલ		૯૧૦૫૩	૩૫	૯૧૦૮૮	૧,૦૦,૦૯૦	૩૪	૧,૦૦,૧૨૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૮	૪,૨૫,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૬૦	૨,૬૦,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

શરીર સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહપુર પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ સીનીયર તથા સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન નાઓની માર્ગદર્શન આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે કલ્પેશભાઇ રોશનભાઇ દાતણીયા ઉ.વ.૨૫ રહે- ૧૭૭૯, સુભાષ ખડકી, ગુંદી ચોકની બાજુમા, આર.સી.હાઇસ્કુલની સામે, શાહપુર, અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધ દાખલ થયેલ જુદા-જુદા ગુના આધારે સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડની ટીમે ઉપરોકત આરોપીને શોધી કાઢી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૨૩/૨૦૨૧ તા.૦૪/૧૨/૨૦૨૧ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ બજવણી કરી ડીટેઇન કરી રાજકોટ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૦૪/૧૨/૨૦૨૧

સારી કામગીરી કરનાર ટીમ :-

(૧) પો.સ.ઈ. એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડ ટીમ (૨) મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫ (૩) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮ (૪) અ.પો.કો. શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૭૧૩૪



મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ

મિલકત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં લુંટ તથા ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે અર્જુન ઉર્ફે મુન્ના માઈકલ સ/ઓફ રામનારાયણ જાતે રાઠોડ ઉ.વ.૧૯ રહે.પરીહારનગર ગલી નં.૩, ભગવતી સ્કુલ પાસે, મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-બોનાપુર તા. મછન્ડ જી. ભીંડ (મધ્યપ્રદેશ) નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૬૩૯/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૪૫૨, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-બી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦ ૬૪૭/૨૧ ધી આર્મ્સ એક્ટ. કલમ ૨૫(૧)(બી)(એ), જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા આઈ.પી.સી. કલમ ૧૧૪ મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૩૦૬/૨૧ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૭૨૭/૨૦૨૧ તા.૦૪/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૪/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૪/૧૨/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ
(૨) મ.સ.ઈ દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં.૭૬૨૦
(૩) પો.કો. દિનેશભાઈ જેઠાભાઈ બ.નં.૧૧૭૯૬
(૪) પો.કો. ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૮૫૨૮
(૫) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૬) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૧૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૨૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૧ કવાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૫૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૧૩/૨૦૨૧**

ઇસનપુરઃ ગુલાબબહેન વા/ઓ ભલ્લારામ કટારીયા (ઉ.વ.૩૦) (રહે. સુભાષમાર્ગ સોસાયટી સ્વામિનારયણ મંદિર સામે સરદાર ચોક ઇસનપુર) એ તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઇસનપુર બસ સ્ટેન્ડ સામે રામેશ્વર શોપીંગ સેંટરમાં આવેલ રસ્તા અનાજની રેસનીંગની દુકાન ખાતે આરોપી (૧) નિશાબહેન સુરેશભાઇ શાહ અને (૨) હેલીબહેન સુરેશભાઇ શાહ (બન્ને રહે. રાજપથ સોસાયટી નિગમ રોડ વટવા) એ ભેગા મળી ગુલાબબહેન કટારીયા તથા સાહેદોને વટવા ગેબનશા ખાતે આવાસ યોજનાના મકાન અપાવવાનો વિશ્વાસ આપી ગુલાબબહેન તથા સાહેદો પાસેથી કુલ રૂપિયા ૪૮,૨૭,૧૦૦/- મેળવી લઈ મકાન નહી આપી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ઝીણાભાઇ ધનાભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ હસમુખભાઈ રમણભાઈ પટેલ (ઉ.વ.૩૭) (રહે. ગોવર્ધન એપાર્ટમેન્ટ અમરજ્યોત સ્કુલની બાજુમાં મેઘાણીનગર) એ તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વેબસાઇડ ઉપર નોકરીની જાહેરાત જોઈ હસમુખભાઈએ નોકરી માટે તા.૦૮/૦૯/૨૦૨૦ ના રોજ સંપર્ક કરતા એ.કે.શર્મા નામની વ્યક્તિએ નોકરી અપાવવાની લાલચ આપી પ્રોસેસ માટે ઓનલાઈન ગુગલ પે માધ્યમથી તેમના ખાતામાં રૂપિયા ૧,૦૨,૫૯૯/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

નરોડાઃ વિરલભાઇ કાન્તિભાઇ કડીયા (ઉ.વ.૩૦) (રહે. મહેશ્વરી પાર્ક સોસાયટી કઠવાડા રોડ) એ તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૩૨૮૯૮૩૦૮ ના ધારકે વિરલભાઈને ફોન કરી પોતાનુ નામ આશિષભાઇ અમરતલાલ ઠક્કર જણાવી સરકારી નોકરી અપાવવાની લાલચ આપી પ્રોસેસ માટે વિરલભાઈ કડીયા પાસેથી રૂપિયા ૮,૨૦,૩૧૪/- મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૨૧૪/૨૦૨૧**

ઓઢવઃ કમલેશભાઇ ઇન્દ્રમલ ઓસ્તવાલ (રહે. સાબરમતી સોસાયટી ધરમનગર સાબરમતી) એ તા.૦૪/૧૨/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૩૦/૧૧/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કર્માગેસ એજન્સી પાસે, વાસુદેવ એસ્ટેટ, શેડ નં-૩ સિધ્ધુ સ્ટીલ નામની દુકાન આગળથી ૧૪.૪૪૫ ટન સ્ટીલના ભંગારનો સામાન કિમત રૂપિયા ૧૧,૫૬,૪૦૦/- ભરેલ એસ.એસ.ટ્રાંસપોર્ટ શ્યામભાઇ કુશવાહ નાઓની ટ્રક નંબર જીજે ૨૭ વી ૭૫૭૯ કિમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૧૫/૨૦૨૧**

આનંદનગરઃ (૧) આયુષ હિતેષભાઇ સોની(ઉ.વ.૨૫) (રહે.મંહાર એપાર્ટમેન્ટ લોયલા સ્કુલની બાજુમાં, નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૨/૨૦૨૧ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે ટાઇટેનિયમ સીટી સેન્ટરની બિલ્ડિંગ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રભાઇ અમથાભાઇ ચલાવે છે.

આનંદનગરઃ (૨) સેજલબા ડો/ઓ ગુલાબસિંહ સોલંકી (ઉ.વ.૧૯) (રહે.એકલદેવનગર સાલપરા પાણીની ટાંકી પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૨/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે આનંદનગર દેવ ઓરમ કોમ્પલેક્ષ સામે એવન્યુ કોમ્પ્લેક્સ ઉપરથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.